**તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૪૩ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૩૧ | ૩૧ ઓક્ટોબર, ૨૦૧૫, શનિવાર ; આસો વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

MAS દિવાળી ઓફરોની આતશબાજી
આપના પોતાના ઘરનું સ્વપનું હવે થશે સાકાર
➔ હોમ લોન ➔ રીનોવેશન લોન ➔ એક્ષટેન્શન લોન
આસાન શરતો • ઝડપી એપ્રુવલ
આપનું મનપસંદ ટુ-વ્હીલર વસાવો
0%* ના વ્યાજ દરે
કેશ લોન
10 હજારથી 75 હજાર સુધી
ફક્ત 3 દિવસમાં
શોપ લોન
દુકાનની વેલ્યુએશનના 50% સુધી લોન મેળવો
મશીનરી લોન
મશીનની કિંમતનાં 80% સુધી લોન
CNC, VMC અને પ્લાસ્ટીક ઈન્જેક્શન મોલ્ડીંગ મશીન પર મેળવો લોન
*શરતોને આધિન.
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમીટેડ
—જે સમજે આપના અમૂલ્ય સ્વપનાનું મુલ્ય—
ગાંધીનગર : ૦૭૯-૨૩૨૬૧૧૫૫
કડી : ૦૨૭૬૪-૨૪૦૨૩૨,૬૫૦૧૧૫
મહેસાણા : ૦૨૭૬૨-૨૪૪૮૬૪,૩૧૧૮૨૪
ઈડર : ૦૨૭૭૮-૩૨૬૬૨૦
હિંમતનગર : ૦૨૭૭૨-૬૯૮૨૦૨
9904301350/51

## ફટાફટ ન્યુઝ

- મોદી ઇફેક્ટ : ૬૦ અબજ ડોલરના પ્રોજેક્ટો સજીવન
- મોદી ઇફેક્ટ : ૬૦ અબજ ડોલરના પ્રોજેક્ટો સજીવન
- વર્ષ ૨૦૨૦ સુધીમાં તમામ ટ્રેનોમાં બાયોટોઇલેટ રહેશે
- ભારતીય શૈક્ષણિક સંસ્થાઓને વિશ્વની ટોપ સંસ્થાઓમાં સામેલ કરવા મોદી તૈયાર
- રાજકીય કાવતરા હેઠળ હાલ એવોર્ડને પરત કરાઈ રહ્યા છે
- દેશમાં અનામત માટેનું માળખુ યોગ્ય છે : સંઘ
- રશિયા પાસેથી એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમ મેળવાશે

# સતત પાંચમા દિવસે મંદી યથાવત

### વધુ ૧૮૧ પોઈન્ટનો ઘટાડો : એલએન્ડટી, આઈટીસીમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો : નિફ્ટી ૪૬ પોઈન્ટ ઘટી ૮૦૬૬ની નીચી સપાટીએ



મુંબઈ,તા. ૩૦
શેરબજારમાં આજે સતત પાંચમાં દિવસે મંદીનું મોજું ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સ ૧૮૧ પોઈન્ટ ઘટીને ૨૬૬૫૭ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૬ પોઈન્ટ ઘટીને ૮૦૬૬ની સપાટીએ રહ્યો હતો. અલબત્ત નિફ્ટી ૮ હજારની સપાટીને જાળવી રાખવામાં સફળ રહ્યો હતો. પરંતુ હાલની સ્થિતિને જોતા નવા કારોબારી સેશનમાં હવે સોમવારે નિફ્ટી ૮ હજારની સપાટી ગુમાવી દે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૮ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટબ્રીડ્થ નબળી રહી હતી. ૧૬૧૦ શેરમાં મંદી રહી હતી.

જ્યારે ૯૯૯ શેરમાં તેજી રહી હતી. બજારમાં હાલ દબાણની સ્થિતિ જોવા મળી રહી છે. આઈટીસી, એલએન્ડટી જેવી મોટી કોર્પોરેટ કંપનીઓના કમાણીમાં નબળા આંકડા જારી કરવામાં આવ્યા બાદ બજારમાં ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. બેંગકોક જાપાને તેના મોનિટરી સ્ટીમ્યુલસ કાર્યક્રમને યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. મોટાભાગના એશિયન બજારોમાં આજે મંદી રહી હતી. જાપાન સિવાયના બજારોમાં મંદીનું મોજું ફરી વળ્યું હતું. બેંચમાર્ક નિક્કીમાં ૦.૮ ટકાનો ઉછાળો રહ્યો હતો. જ્યારે સ્ટ્રેટ ટાઈમ્સ, હેંગસેંગ, શાંઘાઈ કમ્પોઝીટમાં ૦.૧-૦.૮ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. બીએસઈ કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૨.૭

● અનુસંધાન પાન-૫ પર

# પક્ષના સભ્યો પર અંકુશ મુકવા મોદીને મૂડીની સલાહ



### સ્થાનિક અને વૈશ્વિક વિશ્વસનિયતા સામે ખતરો છે : મૂડી : રાજ્યસભામાં ભાજપ પાસે બહુમતિ નથી આવી સ્થિતિમાં મહત્વપૂર્ણ સુધારા બિલ અટવાઈ પડવાનો ખતરો : સાથે લઈ ચાલવાની જરૂર : મૂડીની સલાહ

નવી દિલ્હી,તા. ૩૦
બીફ જેવા વિવાદોને લઈને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પણ હચમચી ઉઠી છે. હવે ટોચની સંસ્થા મૂડીએ પણ ચેતવણી આપતા કહ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમની પાર્ટીના સભ્યો ઉપર અંકુશ મેળવવો પડશે. જો તેમના પાર્ટીના સભ્યો આવા જ આડેધડ નિવેદનો કરતા રહેશે તો ભારત સ્થાનિક સ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર વિશ્વસનિયતા ગુમાવશે. આનો ખતરો હવે ઉભો થઈ રહ્યો છે. ઈન્ડિયા આઉટલુક સર્ચિંગ ફોર પોટેન્શિયલ ટાઈટલ સાથે પ્રકાશિત કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ગ્રોથ પોટેન્શિયલ સુધી પહોંચવા માટે કોઈપણ દેશને આપવામાં આવેલા વચનો ઝડપથી

● અનુસંધાન પાન-૫ પર

# અમદાવાદમાં ૧૯૨ બેઠકો માટે બે હજારથી વધુ દાવેદારો

### ભાજપ પાલમિેન્ટરી બોર્ડની અતિમહત્વની બેઠક : ઉમેદવારો સંદર્ભે ચર્ચા કરાઈ

અમદાવાદ, તા.૩૦
રાજયની છ મહાનગર-પાલિકાની ચૂંટણીના ઉમેદવારોની યાદી ફાઈનલ કરવા ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની ત્રણ દિવસની બેઠકના આજે ત્રીજો અને અંતિમ દિવસે જામનગર તથા અમદાવાદ મહાનગરપાલિકાના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. નક્કી કરાયેલી પેનલના નામોની સત્તાવાર જાહેરાત પાંચમી નવેમ્બરે કરવામાં આવશે.ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર, પાટીદાર આંદોલનના વિપરીત પ્રવાહ વચ્ચે પણ અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણી લડવા લગભગ ૨૦૦૦થી વધુ ટિકીટવાંચ્છુઓએ પોતાની દાવેદારી નોંધાવી હતી.

અમદાવાદ મહાનગરપાલિકાના ૪૮ વોર્ડની ચાર-ચાર બેઠકો માટે વોર્ડ દીઠ ૪૦થી ૫૦ ટિકીટવાંચ્છુઓએ ટિકીટ મેળવવા અરજી કરી હતી. આમ, ૪૮ વોર્ડની કુલ ૧૯૨ બેઠકો માટે ૨૦૦૦થી વધુ મુરતિયાઓએ ભાજપની નેતાગીરી સમક્ષ ટિકીટની માંગણી કરી છે. ભાજપ પાર્લામેન્ટરી બોર્ડમાં આજે સવારે જામનગર મ્યુનિ. કોર્પોરેશનના ઉમેદવારોની પેનલ તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ બપોર પછી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાંઆવશે. જેમાં એવું કહેવાય રહ્યું છે કે, મુખ્યમંત્રી ટેકેદારો તથા તેમની છાવણીના મોટાભાગના કાર્યકરોને ટિકીટો અપાશે.

જયારે તમામ મહાનગરપાલિકાઓમાં મુખ્યમત્રીની વિરોધમાં નાની સરખી પણ પ્રવૃત્તિ કરનાર કોર્પોરેટરો તથા આગેવાનોના ટિકીટ વહેંચણીમાં પત્તા કપાશે તેમનિશ્ચિત મનાઈ રહ્યું છે.

રાજયની છ મહાનગર પાલિકાઓના ઉમેદવારોની પસંદગીમાં મુખ્યમંત્રીનો હાથ ઉપર રહેશે તેમ ભાજપના વર્તુળોમાં જોરશોરથી ચર્ચાઈ રહ્યું છે.



**જય સરદાર -** ગાંધીનગરના હાર્દસમા વિસ્તાર સ્વર્ણિમ પાર્કમાં આજે સરદાર પટેલ જન્મજયંતિ દિને સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ મુખ્યમંત્રીના વરદ હસ્તે યોજાશે... સ્ટેચ્યુ ઓફ યુનિટીની 'રેપ્લિકા' ગાંધીનગર શહેરના આકર્ષણમાં ઉમેરો કરશે.... અનાવરણ સમારોહની પૂર્વ સંધ્યાએ તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા ચાલી રહી છે... વહેલી સવારે વિદ્યાર્થીઓની પ્રભાતફેરીથી ઉજવણીનો આરંભ થશે... સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે પ્રતિમાનું વિવિધવત અનાવરણ યોજાશે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# સ્થાનિક ચુંટણીમા નોટાનો ઉપયોગ કરવા ગુજરાત હાઈકોર્ટનો આદેશ

### રાજ્ય ચુંટણી પંચને ગુજરાત હાઈકોર્ટની સ્પષ્ટ સુચના : તમામ જરૂરી સહાયતા ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકારને પણ હાઈકોર્ટે આદેશ કર્યો : ઓગસ્ટમાં અપાયેલા અગાઉના આદેશમાં પણ સુધારો કરાયો

અમદાવાદ, તા.૩૦
એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ગુજરાત હાઈકોર્ટે રાજ્યમાં આગામી સ્થાનિક સંસ્થાઓની ચુંટણીમાં નોટાના વિકલ્પનો સમાવેશ કરવા માટે રાજ્ય ચુંટણીપંચને આજે આદેશ કર્યો હતો. ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં નોટાનો ઉપયોગ કરવા આદેશ કરાયા બાદ આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. હાઈકોર્ટની બે જજની બનેલી બેંચે આ ચુકાદો આપ્યો હતો. કાર્યકારી ચીફ જસ્ટીસ જયંત પટેલ અને જસ્ટીસ એનવી અંજારીયાની બનેલી બેંચે નોટાને અમલી બનાવવાનો આદેશ કર્યો હતો. સાથે-સાથે તમામ જરૂરી સહાયતા આપવા રાજ્ય સરકારને આદેશ કર્યો હતો. હાઈકોર્ટે તેના અગાઉના ચુકાદામાં સુધારો કર્યો હતો. જેમાં કોર્ટે ઓગસ્ટ મહિનામાં સ્થાનિક સંસ્થાની ચુંટણીમાં ફરજીયાત મતદાનની જોગવાઈ ઉપર સ્ટે મુક્યો હતો.

હાઈકોર્ટે આજે કેટલીક મહત્વપૂર્ણ વાતો કરી હતી.હાઈકોર્ટ દ્વારા અગાઉ કરાયેલા એક હુકમમાં ફરજિયાત મતદાન સાથે નોટાના વિકલ્પને પણ સ્ટે કરી દેવામાં આવ્યો હતો. આજે પોતાના હુકમમાં હાઈકોર્ટે સુધારો કરી. નોટાની સામેનો સ્ટે ઉઠાવી લીધો છે અને ચૂંટણી પંચને આદેશ કર્યો છે. તેઓ મતદારોના અધિકારોનું રક્ષણ કરે અને તેમને નોટાનો વિકલ્પ આપવામાં આવે. હાઈકોર્ટે ચૂંટણી પંચને કહ્યું હતું કે, જ્યારે હાઈકોર્ટે અગાઉના આદેશમાં ફરજિયાત મતદાન સાથે નોટાના વિકલ્પનો પણ સ્ટે કર્યો હતો. ત્યારે પંચે હાઈકોર્ટમાં આવવું જોઈતું હતું.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની જાહેરાત તો થઈ ગઈ પણ આ ચૂંટણીમાં મતદારો માટે નોટાનો વિકલ્પ રાખવામાં આવ્યો નહોતો. જેને કારણે મતદારો કોઈને મત ના આપવા માગતા હોય તો પણ તેમણે ફરજીયાત પણે જે ઉમેદવારો ઊભા હોય, તેમાંથી જ કોઈને તો મત આપવાની ફરજ પડવાની હતી.

ગુજરાત ચૂંટણી પંચના કમિશનર વરેશ સિંહાએ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓની જાહેરાત કરી ત્યારે પત્રકારોના સવાલોના જવાબમાં આ સ્પષ્ટતા કરી હતી. ગુજરાત ચૂંટણી પંચના કમિશનર વરેશ સિન્હાઓ જાહેર કર્યા પછી જણાવ્યું હતુ કે, ગુજરાતમાં અત્યારે ફરજિયાત મતદાનનો કાયદો લાગુ નથી, એટલે નોટા આ ચૂંટણીમા લાગુ નહીં પડે રાજય ચૂંટણીપંચની અંડરમાં આવતી તમામ ચૂંટણીઓમાં નોટા ફરજિયાત નથી. કારણ કે, રાજય ચૂંટણીપંચ અંતર્ગત યોજાતી ચૂંટણીઓમાં જો ફરજિયાત મતદાનનો કાયદો લાગુ થાય, તો જ નોટાનો ઉપયોગ થઈ શકે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરી એક જ દિવસે બીજી ડિસેમ્બરે કરાશે

### ચુંટણી યોજવાનો માર્ગ મોકળો : કેસમાં સુપ્રીમ કોર્ટ ૨૪ નવેમ્બરે પોતાનો ચુકાદો આપશે

અમદાવાદ, તા.૩૦
સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ અંગે લાંબા સમયથી ચાલતી અવઢવ અને અનિશ્ચિતતાનો આખરે અંત આવ્યો છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પર સ્ટે મુકવાનો ઈન્કાર કરતા ચૂંટણી યોજવાનો માર્ગ મોકળો થયો છે. જોકે સુપ્રીમે તમામ ચૂંટણીઓની મત ગણતરી એક સાથે કરવાનો આદેશ કરતા બીજી ડિસેમ્બરે તમામ ઉમેદવારોના ભાવિનોં ફેંસલો થશે. રાજયમાં છ મહાનગરપાલિકાઓ, જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણી નિયત તારીખે જ યોજાશે. સુપ્રીમ કોર્ટે કોર્પોરેશનની ચૂંટણી પર સ્ટે મુકવાની કોંગ્રેસની અરજી ફગાવી દીધી છે.

જોકે સુપ્રીમ કોર્ટે તમામ ચૂંટણીનું પરિણામ એક સાથે જાહેર કરવાનો આદેશ કર્યો છે. આ કેસમાં સુપ્રીમ કોર્ટ ૨૪ નવેમ્બરે ચુકાદો આપશે. ત્યાં સુધી રાજય ચૂંટણી પંચ નિયત કાર્યક્રમ મુજબ ચૂંટણી યોજી શકશે. પરંતુ પંચે મહાનગરપાલિકા, જિલ્લા તથા તાલુકા પંચાયતોની ચૂંટણીઓના પરિણામ એક સાથે જાહેર કરવાના રહેશે. સુપ્રીમ કોર્ટે એક વોર્ડ પર ચાર ઉમેદવારના મુદ્દાની સુનાવણી ૨૪ નવેમ્બરે રાખી છે. અત્યાર સુધી એક વોર્ડમાં ત્રણ ઉમેદવાર હતા.

હવે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ૫૦ ટકા મહિલા અનામતનો અમલ થથા વોર્ડ દીઠ ચાર કોર્પોરેટરની જોગવાઈ કરાઈ છે. આ મુદ્દે પિટીશનરે એવી રજુઆત કરી છે કે આ રીતની મલ્ટી મેમ્બર સિસ્ટમ આ રાજયમાં જ છે. જે બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન છે. હાલ સુપ્રીમ કોર્ટ ચૂંટણીની પ્રક્રિયા પર મનાઈ હુકમ આપવાનો ઈનકાર કર્યો છે અને બીજા દસ્તાવેજો માંગ્યા છે. આ દસ્તાવેજોમાં પિટિશનર નક્કર પુરાવા રજુ કરી શકશે તો આગળ વિચાર કરાશે. જો એક વોર્ડ એક કાઉન્સિલરની તરફેણમાં ચુકાદો આવશે તો મ્યુનિસિપલ કોર્પોરેશનના પરિણામો નિરર્થક જાહેર થશે અને ફેર ચૂંટણીઓ યોજની પડશે.

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ
નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181/82 | 99249 31224 | 98258 03299

દિવાળીની રજાઓમાં...
જોધપુર-જેસલમેર-સમ ડેઝર્ટ ● કાશ્મીર ડીલક્ષ
By Air Call : 89800 09551
● કેરાલા ● હિમાચલ ● સાઉથ
● આંદામાન-નિકોબાર
ડિસે. થી માર્ચ કપલ/ફેમીલી ટુર્સ
● ડેલહાઉસી-કુલુ-મનાલી-સિમલા
● કેરાલા: Sterling Resort - મુન્નાર-થેકડી
નવભારત ટ્રાવેલ્સ
૪, ગણેશ પ્લાઝા, નવરંગપુરા, અમદાવાદ
Ph: 40208020/9825804077 & 79

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria "The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર